**આણંદ જિલ્લામાં ગયા વર્ષ કરતાં પરિણામમાં વધારો થતાં શિક્ષણવિદ્દોમાં આનંદની લાગણી છવાઇ**

# આણંદમાં SSCનું પરિણામ 80.17 ટકા રહ્યું

**એ-1માં** 595 અને એ-2માં 2194 વિદ્યાર્થી ઉતિર્ણ થયાં

**સાયન્સ** ફેકલ્ટીમાં વિદ્યાર્થી વધે તેવી શક્યતા

(પ્રતિનિધિ) આણંદ તા.8

રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા ધો.10 એસએસસીનું ગુરૂવારના રોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં આણંદ જિલ્લાનું 80.17 ટકા પરિણામ રહ્યુ છે. ગત વર્ષ કરતાં પાંચ ટકા વધારે રહેતા શિક્ષણવિદ્દમાં આનંદની લાગણી છવાઈ છે. જોકે, એ-1 અને એ-2માં પણ વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. આથી, આગળ અભ્યાસમાં સાયન્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીની સંખ્યા વધે તેવી શકયતા જોવા મળી રહી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી - માર્ચ 2025માં લેવાયેલી ધો.10 એસએસસીની પરીક્ષાનું ગુરૂવારના રોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આણંદ જિલ્લાનું 80.17 ટકા પરિણામ રહ્યું છે. આણંદ જિલ્લાના કુલ 27,322 વિદ્યાર્થી નોંધાયાં હતાં. જેમાં 26,860 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. જેમાંથી 21,534 વિદ્યાર્થીને પાસ જાહેર કરવામાં આવ્યાં છે. આમ, છેલ્લા 3 વર્ષમાં સૌથી વધુ પરિણામ છે. ગયા વરસે 74.63 ટકા પરિણામ રહ્યું હતું. જ્યારે 2023માં 57.63 ટકા પરિણામ હતું.

આણંદ જિલ્લામાં એસએસસીનું પરિણામ 80.17 ટકા રહ્યું છે. જે ગત વરસ કરતાં વધુ છે. જોકે, કેન્દ્ર પ્રમાણે સારસા, ઉમરેઠ, ચાંગા, કરમસદ, મોગર, નાવલી, ઇન્દ્રણજ અને સુરેલીના પરિણામમાં ઘટાડો થયો છે. જેમાં સૌથી રસપ્રદ બાબત એ છે કે, નાવલી કેન્દ્રમાં ગયા વરસે 90.27 ટકા પરિણામ સામે આ વરસે 40.27 ટકા ઘટીને 50 ટકા થઇ ગયું છે. જે ખરેખર શિક્ષણવિદ્દ માટે ચિંતાનો વિષય બન્યો છે.

તસવીરઃ ફ્રાન્સિસ મેકવાન

### ક્યા ગ્રેડમાં કેટલા વિદ્યાર્થી ઉતિર્ણ થયાં ?

| | |
|---|---|
| **એ - 1** | **595** |
| એ-2 | 2194 |
| **બી-1** | **3833** |
| બી-2 | 5393 |
| **સી-1** | **5487** |
| સી-2 | 3583 |
| **ડી** | **449** |
| ઇ-1 | 3238 |
| **ઇ-2** | **2088** |

### કેન્દ્ર પ્રમાણે પરિણામ ?

| કેન્દ્ર | ઉતિર્ણ વિદ્યાર્થી | કેન્દ્ર | ઉતિર્ણ વિદ્યાર્થી |
|---|---|---|---|
| આણંદ | 2522 | અલારસા | 318 |
| આંકલાવ | 526 | દહેવાણ | 697 |
| બોરસદ | 1609 | બોચાસણ | 411 |
| ખંભાત | 1294 | બોરીયાવી | 273 |
| નાર | 477 | સુણાવ | 528 |
| પેટલાદ | 1176 | જીણજ | 350 |
| સારસા | 731 | રાસ | 285 |
| ઉમરેઠ | 570 | બિલપાડ (ગં) | 678 |
| વિદ્યાનગર | 1293 | સામરખા | 411 |
| ભાદરણ | 459 | થામણા | 653 |
| વાસદ | 349 | નાપાડ | 363 |
| ચાંગા | 191 | મહેળાવ | 224 |
| કરમસદ | 480 | અડાસ | 209 |
| મોગર | 155 | કોસિન્દ્રા | 248 |
| આસોદર | 408 | શીલી | 276 |
| તારાપુર | 386 | ભેટાસી | 295 |
| ઉદેલ | 365 | ધુવારણ | 247 |
| સોજિત્રા | 501 | ઇન્દ્રણજ | 319 |
| ઓડ | 396 | બામણવા | 565 |
| નાવલી | 106 | સુરેલી | 214 |

### વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષા માટે શાળા દ્વારા ઓનલાઇન અરજી કરવા તાકીદ

રાજ્ય બોર્ડ દ્વારા ધો.10 એસએસસીની પરીક્ષાની પૂરક પરીક્ષા માટે તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ અંગે શાળાના વડાઓને તાકીદ કરી હતી કે, પ્રવર્તમાન પરીક્ષા વિનિયમો અનુસાર જે વિદ્યાર્થીઓ મુખ્ય પરીક્ષા -2025ની પરીક્ષામાં ગેરહાજર રહ્યાં હોય અથવા ઉતિર્ણ - અનુતિર્ણ પરીક્ષાર્થીઓ પરિણામ સુધારવા માટે પરીક્ષા આપવા ઇચ્છતા હોય તો તેવા પરીક્ષાર્થીઓ પૂરક -2025 પરીક્ષામાં હાજર રહી શકશે. આ પૂરક પરીક્ષાના આવેદનપત્રો બોર્ડની વેબસાઇટ www.gseb.org પરથી શાળા મારફતે ઓનલાઇન ભરવાના રહેશે. આ આવેદનપત્રો તથા ફી શાળા દ્વારા ફક્ત ઓનલાઇન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે.

### આણંદની દૃષ્ટિ મકવાણાએ 3 વિષયમાં સોમાંથી સો મેળવ્યાં

આણંદની નોલેજ હાઇસ્કૂલની વિદ્યાર્થિની દૃષ્ટિ મકવાણાએ એસએસસીમાં 99.87 પીઆર મેળવ્યાં છે. દૃષ્ટિએ છમાંથી ત્રણ વિષયમાં સોમાંથી સો માર્ક્સ મેળવ્યાં છે. જેમાં ગણિત, વિજ્ઞાન અને એસએસનો સમાવેશ થાય છે. દૃષ્ટિના પિતા હિતેશકુમાર મકવાણા વેટનરી ઓફિસર છે. જ્યારે માતા ઘરકામ કરે છે. દૃષ્ટિ બપોરે શાળાએથી આવ્યા બાદ અભ્યાસમાં જ રત રહેતી હતી. તે દરરોજ ચારથી પાંચ કલાક વાંચતી હતી. તેની આ સફળતા પાછળ તેણે માતા- પિતા ઉપરાંત શાળાનો પણ આભાર માન્યો છે.

### આણંદમાં સંતાનના અભ્યાસ માટે માતાએ સરકારી નોકરી જતી કરી

આણંદની નોલેજ હાઇસ્કૂલનો વિદ્યાર્થી પટેલ દેવ ભાવિનકુમારને એસએસસીમાં 99.55 પીઆર આવ્યાં છે. તેની આ સફળતા પાછળ તેના માતા મિતલબહેનનો સિંહફાળો છે. મિતલબહેનને જામનગર ખાતે સરકારી શાળામાં શિક્ષિકા તરીકે નોકરી મળી હતી. જોકે, દેવ ધો.10માં હોવાથી તેઓએ આ નોકરી સ્વીકારી નહતી. આ ઉપરાંત દેવના પિતા ભાવિનકુમાર ખાનગી કંપનીમાં દહેજ ખાતે ફરજ બજાવે છે. તેઓ સપ્તાહમાં એક જ વખત ઘરે આવે છે. આમ, દેવના અભ્યાસની સંપૂર્ણ જવાબદારી તેના માતાએ ઉપાડી લીધી હતી. અલબત્ત, દેવે તેની સફળતા પાછળ માતા - પિતા, ઘરના વડીલ ઉપરાંત શાળાના શિક્ષકોને યશ આપ્યો છે. દેવના જણાવ્યાનુસાર, તે દરરોજ પાંચથી સાત કલાક વાંચતો હતો. શાળાએથી આવ્યા બાદ સાંજે 5થી 7 અને રાત્રે 8 થી 11 સુધી વાંચતો હતો. આ ઉપરાંત સમગ્ર વર્ષ દરમિયાન તેણે મોબાઇલનો નહિવત જ ઉપયોગ કર્યો છે. સૌથી મહત્વની બાબત એ છે કે, દેવને ધો.9 સુધી ટ્યુશન જ નહતું અને તેની માતાએ જ તેને અભ્યાસ કરાવ્યો હતો. દેવએ સોફ્ટવેર એન્જિનીયર બનવાની મહેચ્છા દર્શાવી હતી.

### મોગરી જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનું 98.30 ટકા પરિણામ આવ્યું

આણંદના જુના મોગરી રોડ પર આવેલા અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠની પ્રજ્ઞાનતીર્થ-સર્વાંગી શિક્ષણ સંસ્થાનની વિદ્યાસંસ્થા જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીનું ફેબ્રુઆરી-માર્ચ 2025માં લેવાયેલી ધો. 10 બોર્ડની પરીક્ષાનું ઉજ્જવળ 98.30 ટકા પરિણામ જાહેર થયું. આ પરિણામમાં 15 વિદ્યાર્થીએ એ-1 અને 32 વિદ્યાર્થીએ A2 ગ્રેડ મેળવ્યો છે. આ ઉપરાંત શાળાના અનેક વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોમાં 100/100 ગુણ મેળવ્યા છે. આ શાળાના કુલ છાત્રો પૈકી 36 વિદ્યાર્થીઓએ 90થી વધુ PR હાંસલ કરી શાળાના ગૌરવને વધાર્યો છે. આ પ્રસંગે અનુપમ મિશનના અધિષ્ઠાતા સંતભગવંત સાહેબજી, યોગી વિદ્યાપીઠના કુલગુરુ ડો.રતિકાકાએ ઉત્કૃષ્ટ પરિણામ બદલ સર્વને આશીર્વાદ આપી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. જ્યારે આચાર્યા રીટાબેન પટેલે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોના પુરુષાર્થને બિરદાવી ધન્યવાદ પાઠવ્યાં હતાં.

### આણંદમાં 9 શાળાનું 30 ટકાથી પણ ઓછું પરિણામ રહ્યું

આણંદ જિલ્લામાં ધો.10 એસએસસીના પરિણામમાં દસ ટકાથી ઓછું પરિણામ હોય તેવી એક પણ શાળા નથી. પરંતુ 11થી 30 ટકા વચ્ચે હોય તેવી કુલ નવ શાળા છે. જ્યારે સો ટકા પરિણામમાં 29 શાળા છે. તેવી જ રીતે 91થી 99 ટકા પરિણામ આવ્યું હોય તેવી 67 શાળાનો સમાવેશ થાય છે. અલબત્ત, ગયા વરસે 2024માં 14 શાળાનું પરિણામ 30 ટકા નીચે હતું. જે ઘટીને 9 થયું છે. તેવી જ રીતે સો ટકા પરિણામમાં 3 શાળાનો વધારો થયો છે. આ ઉપરાંત ગયા વરસે શૂન્ય પરિણામ વાળી એક શાળા હતી.

# ખેડા જિલ્લાનું SSCનું પરિણામ ગત વર્ષ કરતાં 5.74 ટકા ઘટ્યું

**ખેડા જિલ્લામાં** 72.55 ટકા સાથે 420 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

ખેડા જિલ્લામાં ગુરુવારે ધોરણ-10ના બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પરીણામમાં ખેડા જિલ્લાનું 72.55 ટકા પરીણામ રહ્યુ હતુ. જેમાં 420 વિદ્યાર્થીઓએ એ - 1 ગ્રેડ હાંસલ કર્યો છે.

રાજ્યનું ઓવરઓલ પરિણામ 83.08 ટકા જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ખેડા જિલ્લાનું 72.55 ટકા પરિણામ નોંધાયુ છે. ખેડા જિલ્લામાં ધોરણ - 10માં કુલ 26433 વિદ્યાર્થી પૈકી બોર્ડની પરીક્ષા આપનાર 25642એ પરીક્ષા આપી હતી. ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓ જોઈએ તો, 420 વિદ્યાર્થીઓ A1 ગ્રેડ, 1588 વિદ્યાર્થીઓ A2, 3011 વિદ્યાર્થીઓ B1 ગ્રેડ, 4707 વિદ્યાર્થીઓએ B2 ગ્રેડ, 5125 વિદ્યાર્થીઓએ C1 ગ્રેડ, 3453 વિધાર્થીઓએ c2 ગ્રેડ, 304 વિદ્યાર્થીઓ D ગ્રેડ,E-1 ગ્રેડમા 3775, 3303 વિદ્યાર્થીઓએ E2 ગ્રેડ મેળવ્યો છે. તો વર્ષ 2024માં જિલ્લાનું પરિણામ 78.29 ટકા, વર્ષ 2023માં 57.95 ટકા, વર્ષ 2022મા 56.71 ટકા અને વર્ષ 2020મા 56.47 ટકા પરિણામ આવ્યું હતું. આમ ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે 5.74 ટકાનો ઘટાડો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં ખેડા જિલ્લાનું સૌથી ઓછું રિઝલ્ટ 72.55% આવ્યું છે. જેમાં અંબાવ કેન્દ્રમાં 29.56 ટકા જ પરિણામ રહ્યું છે.

### નોલેજ સ્કૂલનું 93.04 ટકા પરીણામ

નોલેજ ગ્રુપ નડિયાદે 93.04 ટકા પરિણામ મેળવી શિક્ષણના નવા શિખર સર કર્યા છે. આ સફળતામાં વિદ્યાર્થીઓની મહેનત ઉપરાંત, શિક્ષકોના અમુલ્ય માર્ગદર્શન અને માતા-પિતાના અવિરત સહકારનો અમૂલ્ય ફાળો છે. નોલેજ ગ્રુપ નડિયાદના જોષી વૃષ્ટિ વિપુલકુમાર અને મકવાણા શાન અમરકુમારે ગુજરાત રાજ્યમાં 99.98 પર્સન્ટાઇલ રેન્ક સાથે દ્વિતીય રેન્ક મેળવ્યો છે.

### પિતા વિહોણી દિકરીએ માતા અને નાના-નાનીના સપોર્ટથી બોર્ડમાં ગોલ હાંસલ કર્યો

નડિયાદમાં મિશન રોડ પર આવેલ આશીષ પાર્કમાં રહેતી અને ધોરણ 10મા ડભાણ સેન્ટ ઉર્સુલા શાળામાં અભ્યાસ કરતી ગોરીયા મોક્ષાએ 97.04 ટકા પીઆર સાથે બાજી મારી છે. મોક્ષાએ નાનાપણથી પિતાની છત્રછાયા ગુમાવી હતી. મોક્ષાના પિતા કિરણભાઈ હયાત નથી અને માતા હિનાબેન તેમજ તેના નાના સુધીરભાઈ અને નાની દક્ષાબેનના ઘરે રહી તેમના સપોર્ટથી આ ઝળહળતું પરિણામ હાંસલ કર્યું છે. તે આગળ ડોક્ટર બનવા માંગે છે.

# મહિસાગર જિલ્લામાં SSCનું 83.10% પરિણામ: 300 વિદ્યાર્થીઓને A-1 ગ્રેડ

**જિલ્લાના** 300 વિદ્યાર્થીએ એ-1 અને 1289 વિદ્યાર્થીએ એ-2 મેળવ્યાં

(પ્રતિનિધિ) લુણાવાડા તા.8

મહિસાગર જિલ્લાનું ધો.10 એસએસસીનું પરિણામ 83.10 ટકા રહ્યું છે. જિલ્લાના કુલ 14,658 વિદ્યાર્થીમાંથી 11,725 વિદ્યાર્થી પાસ થયાં છે. જેમાં એ-1માં 300 અને એ-2માં 1289 વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મહિસાગર જિલ્લો શિક્ષણમંત્રી કુબેરભાઇ ડીંડોરનો વિસ્તાર છે. આ સ્થિતિમાં પરિણામ 80 ટકા ઉપર રહેતા જાણકારોએ એકંદરે સારૂ હોવાનું જણાવ્યું હતું.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુરૂવારના રોજ જાહેર કરાયેલા પરિણામમાં મહિસાગર જિલ્લાનું 83.10 ટકા રહ્યું છે. જિલ્લામાં કુલ 14,658 વિદ્યાર્થી નોંધાયેલા હતાં. જેમાં 14,109 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. આ પરિણામમાં એ-1માં 300, એ-2માં 1289, બી-1માં 2547, બી-2માં 3112, સી-1માં 2803, સી-2માં 1564, ડીમાં 110 વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત મહિસાગર જિલ્લાની એક શાળામાં શૂન્ય પરિણામ આવ્યું હતું. જ્યારે 30 ટકાથી ઓછા પરિણામમાં અન્ય બે શાળાનો સમાવેશ થાય છે. જ્યારે 25 શાળાનું સો ટકા પરિણામ રહ્યું હતું. મહિસાગર જિલ્લાનું ગયા વરસે 81.25 ટકા રહ્યું હતું. જ્યારે વર્ષ 2023માં 56.45 ટકા હતું. આ પરિણામના પગલે શિક્ષણવિદ્દોએ આનંદની લાગણી વ્યક્ત કરી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### જિલ્લાનું કેન્દ્ર પ્રમાણે પરિણામ

| કેન્દ્ર | પરિણામ | કેન્દ્ર | પરિણામ |
|---|---|---|---|
| બાલાસિનોર | 82.37 | ખાનપુર | 76.32 |
| વીરપુર | 80.78 | બટકવાડા | 80.29 |
| પાંડવા | 78.38 | વાંકડી | 79.91 |
| જોરાપુરા | 89.02 | દીવડાકોલોની | 91.54 |
| લુણાવાડા | 91.59 | કોચડમ | 79.25 |
| માલવણ | 72.77 | મધવાસ | 76.65 |
| સંતરામપુર | 77.87 | કાલીબેલ | 90.08 |
| વરધરી | 81.36 | બાકોર | 73.36 |
| લીમ્ડીયા | 83.79 | ડીટવાસ | 85.17 |
| કોઠંબા | 80.16 | કુંભારવાડી | 88.99 |
| મુનપુર | 83.12 | મલેકપુર | 90.83 |
| નાની સરસણ | 83.70 | ઠાનસાવલી | 88.16 |
| ચાવડીબાઈના મુવાડા | 88.54 | નપાનીયા | 85.38 |
| વિરણીયા | 84.84 | વડદલા | 80.75 |
| ગોઠીબ | 83.60 | ખેરોલી | 72.68 |
| સલાવડા | 84.44 | | |

### વીરપુરમાં ધોરણ 10ના બે વિદ્યાર્થીઓ તાલુકામાં પ્રથમ રહ્યા

વીરપુર તાલુકાની ધોરાવાડા ખાતે આવેલી શાળા અને વીરપુર ખાતે આવેલી હાઈસ્કૂલના બે વિદ્યાર્થી તાલુકામાં પ્રથમ નંબર મેળવ્યો છે. ગુદીના મુવાડામાં રહેતાં પટેલ વૃંદા વિજયકુમારે બોર્ડ પરીક્ષામાં 97.16 ટકા ગુણ મેળવી ઉતીર્ણ થયા છે. તો ગંધારી ગામનો કલ્પકુમાર જેન્તીભાઇ વણકરે પણ 97.16 ટકા ગુણ મેળવી તાલુકામાં પ્રથમ નંબર મેળવ્યો છે. આ બંને વિદ્યાર્થીની સિદ્ધિ તેના શિક્ષકોના સતત માર્ગદર્શન, કુટુંબના પ્રેરણાદાયી સપોર્ટ અને તેના આત્મવિશ્વાસનું પરિણામ છે. આ સિદ્ધિ બદલ શાળાના સંચાલકો અને ટ્રસ્ટના અગ્રણીઓએ વૃંદાને અભિનંદન પાઠવી ઉત્સાહિત કર્યાં છે.

# મહેમદાવાદના ગ્રામ્ય વિસ્તારમાં ત્રણ દિવસથી અંધારપટ છવાયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.8

મહેમદાવાદના નવાગામ, નવચેતન, વણસોલી સહીતના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા 3 દિવસથી લાઈટ ગુલ થઈ ગઈ છે. અત્રેની વીજ લાઈન મહુધાથી આવતી 8 કલાકના રુદન ફીડરમાં આવે છે. વીજ વિભાગની બેદરકારીના કારણે હાલ લોકોને અંધારપટ્ટમાં રહેવાની મજબૂરી ઉભી થઈ છે.

મહેમદાવાદના આ ગ્રામ્ય વિસ્તારોમાં આવતી વીજ લાઈનમાં 8 કલાક ખેતીવાળી માટેની લાઈન આવેલી છે. ત્રણ દિવસ પહેલા કમોસમી વરસાદ અને વાવાઝોડુ આવ્યુ હતુ. ત્યારે આ લાઈન પર ઠેર ઠેર ઝાડ પડતા લાઈન તૂટી ગઈ હતી. મધ્ય ગુજરાત વીજ કંપનીને ગ્રામજનો દ્વારા વારંવાર જાણ કરવા છતાં નવાગામના વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી વીજ પુરવઠો ચાલુ ન થતા આ લાઈન પર આવેલ ખેડૂતોના પીવાના પાણીના બોર બંધ છે. આ વિસ્તારમાં રહેતા લોકોના ઘરે આજ લાઈનમાંથી ઘર વપરાશનું લાઈટ કનેક્શન અપાયુ છે. હજુ સુધી આ ગામમાં વીજ વિભાગે કોઈ કામગીરી ન કરતા અંધારપટ છવાયો છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એકવેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### વાસદ-રણોલી રેલ્વે સ્ટેશને મેગા બ્લોક

(પ્રતિનિધિ) આણંદ તા.8

વાસદ-રણોલી સ્ટેશનો - વચ્ચે પુલ નં. 624(અપ લાઈન) પર રિ-ગડરિંગની કામગીરી માટે આગામી જૂન 2025સુધી દર બુધવાર અને રવિવારે સવારે 11.15થી સાંજે 6.45 સુધી - આશરે સાડા પાંચ કલાકનો મેગા બ્લોક - લેવામાં આવશે. જેના કારણે કેટલીક - ટ્રેનો આંશિક, પૂરી રદ કરાશે જ્યારે કેટલીક ટ્રેનોના સમયપત્રક ફરીથી = નકકી કરવામાં આવશે. મેગા બ્લોક દરમ્યાન અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એકસપ્રેસ 11,14,18,21,28 મે અને 4, 8 જૂન 2025ના રોજ સંપૂર્ણપણે રદ કરવામાં આવશે. આ તારીખોએ વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એકસપ્રેસ રદ કરાશે. વડોદરા-વલસાડ ઈન્ટરસિટી એકસપ્રેસ , જામનગર-વડોદરા ઈન્ટરસિટી એકસપ્રેસ , અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દી એકસપ્રેસ પૈકી કેટલીક ટ્રેન આંશિક રદ અથવા રિ-શેડયુલ કરવામાં આવશે.

# આણંદ જિલ્લામાં માવઠાથી ખેતી પાક નુકસાનીની વિગતો મેળવવા સર્વે કરાશે

**કમોસમી** વરસાદે ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવી લીધો હોવાની સ્થિતિ

(પ્રતિનિધિ) આણંદ, તા.8

આણંદ જિલ્લામાં પણ ગતરોજ ભારે પવન સાથે ખાબકેલા કમોસમી વરસાદના કારણે તારાજી સર્જાઈ હતી. જેમાં ખાસ કરીને ઉનાળામાં આવેલા માવઠાના વરસાદે ખેડૂતોને રાતા પાણીએ રોવડાવ્યા છે. ખેડૂતોના ઉનાળુ પાકને ભારે નુકસાન પહોંચ્યું છે. આણંદ જિલ્લામાં 37 હજાર ઉપરાંત હેકટરમાં બાજરી અને 21 હજાર ઉપરાંત હેકટરમાં ડાંગર, 11 હજાર હેકટરમાં શાકભાજીના મુખ્ય પાકો ઉનાળુ વાવેતરમાં કરવામાં આવ્યા છે. ખાસ કરીને બાજરી ઉપરાંત ડાંગર, કેરી, કેળાં પાકને નુકસાન થતા કરેલ આર્થિક ખર્ચ માથે પડયાની ચિંતા ખેડૂતો અનુભવી રહ્યા છે અને સહાયની માંગ કરી રહ્યા છે. બીજી તરફ શાકભાજીના પાકમાં કારેલા, દૂધી, ગલકાંના તૈયાર થયેલા વેલના માંડવા વાવાઝોડામાં જમીનદોસ્ત થયા હતા. આ વર્ષે ખેડૂતોને શાકભાજીમાં સારો ભાવ મળતો હતો. પરંતુ કમોસમી વરસાદે ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવી લીધાની સ્થિતિ સર્જાઈ છે. આ ઉપરાંત જિલ્લામાં ભારે પવનના કારણે આંબા પરથી 50 ટકા ઉપરાંત કેરી ખરી પડી છે.

ખેડૂતોના મતે વૈશાખમાં એકાએક માવઠાં સાથેના વાવાઝોડાએ તારાજી સર્જી છે. ડાંગર, શાકભાજી સહિતના પાકને વ્યાપક નુકસાન થયું છે. તેમાંયે ડાંગર ઉભી હોય તો આડી પડી જતા અને પલળી જતાં હવે સારો ભાવ મળશે કે કેમ તેની ચિંતા થઈ રહી છે. જિલ્લા ખેતીવાડી અધિકારીના જણાવ્યાનુસાર જિલ્લામાં ઉનાળુ બાજરી અને ડાંગર મુખ્ય પાક છે અને સૌથી વધુ હેકટરમાં તેનું વાવેતર થયું હતું. માવઠાંની સંભાવનાના પગલે ખેડૂતોને પાક કાપણી ન કરવા અનુરોધ કરાયો હતો. જો કે કમોસમી વરસાદના પગલે થયેલ નુકસાની અંગેની પ્રાથમિક માહિતી મેળવવા સર્વે હાથ ધરાયો છે. વધુમાં જણાવ્યુ હતું કે, જીલ્લામાં પુનઃ માવઠાંની સંભાવના વ્યકત થઈ રહી છે. આથી આ દિવસો દરમ્યાન ખેડૂતોને સાવચેત રહેવા અને ખેતી પાકને નુકસાની ન થાય તેવા પગલા ભરવા માટે માર્ગદર્શન-જાણકારી આપવા ખેતી વિભાગની જુદી જુદી ટીમો દ્વારા મોનેટરીંગ કરવામાં આવી રહયું છે.

### બે પશુઓના મોત અને એક ઇજાગ્રસ્ત

આણંદ જિલ્લામાં છેલ્લા ભારે પવન સાથે વરસાદ પડવાના કારણે વૃક્ષો પડી જવાના તથા ખેડૂતોના પાક સાથે પશુપાલકોના ઢોરને પણ નુકશાન થયાના અહેવાલો છે. તારાપુર તાલુકાના ઇસનપુર ગામે એક ગાય તથા ઉમરેઠ તાલુકાના ભાટપુરા ગામે એક પશુ મરણ પામ્યુ હતું. આ અંગે લાભાર્થીને પશુમરણ સહાય મળે તે અર્થે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વધુમાં ખંભાતના ફતેપુરા દરવાજા વિસ્તારમાં પશુ પર શેડ પડવાથી ઈજા પામી હતી.